**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૭૬ ટકા

## આજે ગાંધીનગરમાં

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા નવરાત્રી મહોત્સવમાં સુરિલી સરગમ અને સલિલ મહેતા રાત્રે ૭.૩૦ વાગે સે-૧૧ સ્થિત રામકથા મેદાનમાં ગરબાની રમઝટ જમાવશે.

● શિવશકિત મંદિર ચોક સે-૭-સી ખાતે રાત્રે ૮.૩૦ કલાકે આરતી તથા ત્યારબાદ ભાણાભાઈ પ્રજાપતિ તથા સંગીતા બારોટ દ્વારા ગરબાની રમઝટ જમાવાશે.

● નવરાત્રી સમિતિ સે-૩ ન્યુ દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે આરતી તથા ૯ કલાકે મહાકાલ મ્યુઝીકલ ગૃપ દ્વારા ગરબાની રમઝટ જમાવાશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ સે-૩-સીના મધુબેન કે. કડીકર દ્વારા બપોરે ૨.૩૦ થી ૫ દરમિયાન ગીતાબેન દેસાઈના નિવાસસ્થાન સોમનાથ પાર્ક સોસાયટી સરગાસણ ખાતે આનંદનો ગરબો યોજાશે.

# શહેરમાં નવરાત્રિ પર્વે નાસ્તાની બોલબાલા

## થીક શેક, પાસ્તા, ઢોકળા, ચાઈનીઝ ઢોંસા ખેલૈયાઓમાં હોટ ફેવરીટ
## નગરની સોસાયટી, શેરી ગરબા, સંસ્થાકીય ગરબા તથા રાત્રે બજારમાં ગરબા બાદ ખેલૈયાઓની ભીડ

ગાંધીનગર, તા.૪

નવરાત્રીને પાંચ દિવસ પૂરા થઈ ગયા છે ત્યારે ખેલૈયાઓ ગરબે ઘૂમીને મજા માણી રહ્યા છે. ગરબા રમવાની મંજુરી ૧૨ વાગ્યા સુધીની હોવાથી દરેક સંસ્થાકીય ગરબા તથા શેરી ગરબા ૧૨ વાગે પુરા થઈ જાય છે. ગરબા દરમિયાન જ સંસ્થાકીય ગરબાના ફૂડ સ્ટોલ પાસે નાસ્તો કરવા ખેલૈયાઓ તથા પરિવારજનો ફરતા હોય છે. આ ઉપરાંત ગરબા વિરામ દરમિયાન ફૂડ સ્ટોલ ખેલૈયાઓથી છલકાય છે. આવી જ રીતે સોસાયટી અને શેરી ગરબામાં વર્ષોથી ગરબા બાદ નાસ્તો આપવાનો રિવાજ ચાલતો આવ્યો છે તેમ સોસાયટીઓમાં દરરોજ અલગ અલગ પ્રકારનો નાસ્તો અપાઈ રહ્યો છે. આ ઉપરાંત શહેરની રાત્રિ બજારમાં વિવિધ પ્રકારના ગરમ-ઠંડા નાસ્તાની મજા ખેલૈયાઓ માણી રહ્યા છે.





નવરાત્રીની રમઝટ શહેરમાં વિવિધ જગ્યાએ જામી રહી છે. ખેલૈયાઓ ગરબે ઘૂમવાની સાથે રાત્રી દરમિયાન રાત્રી બજારમાં મળતા નાસ્તાની મજા માણી રહ્યા છે. શહેરમાં વિવિધ જગ્યાએ નવરાત્રી દરમિયાન ખાણી-પીણીની બજાર જામે છે. શેરી ગરબામાં રાત્રિ દરમિયાન કરવામાં આવતા વિવિધ નાસ્તાના ઓર્ડર અગાઉથી જ તૈયાર થઈ જાય છે. શહેરની ફરસાણની દુકાનોમાં આ બાબતે ભીડ જોવા મળે છે. સમોસા, ઈડલી, કટલેસ જેવી વિવિધ વસ્તુ નવ દિવસ સુધી સોસાયટીના રહીશોને ગરબા રમ્યા બાદ વહેંચવામાં આવે છે અને દરેક પારિવારિક વાતાવરણમાં નાસ્તાની મજા માણે છે. સંસ્થાકીય ગરબા મહોત્સવમાં પણ વિવિધ સ્ટોલ ગોઠવાયેલ છે જયાં ખેલૈયાઓની ભીડ જોવા મળે છે. પાણીથી લઈને એનર્જી ડ્રીંક, ઢોકળા, ચાઈનીઝ, ભૂંગળા બટાટા, ખીચું, લસ્સી જેવા નાસ્તા અને ઠંડા પીણાની મજા ખેલૈયાઓ ગરબા દરમિયાન અને ગરબા રમ્યા બાદ માણે છે.

શહેરમાં રાત્રી બજાર પણ જામ્યું છે. શહેરના સ્થળો રાધે સ્વિટ માર્ટ, સે-૨૨ શોપીંગ સેન્ટર, ૧૭/૨૨, સે-૬ નવું કોમ્પ્લેક્ષ, સે-૨૧, ન્યુ ગાંધીનગરમાં અર્બન ઓટલો, સરગાસણ ચોકડી, રિલાયન્સ ચોકડી એમ વિવિધ સ્થળોએ રાત્રિ બજારની મજા ખેલૈયાઓ વિવિધ પ્રકારના નાસ્તા પાણી કરી માણી રહ્યા છે. ફાફડા, જલેબી, ચોળાફળી, ઈમરતી, સમોસા, કચોરી, બફવડા, પાણીપુરી, મેગી, પાસ્તા, ચૂલા ઢોંસા, આઈ કેમેસ્ટ્રી અને લાશેક અસ્ફેરાના થીક શેક વગેરે ખેલૈયાઓમાં હોટ ફેવરીટ છે.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

● **વોર**
૮.૦૦, ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૨૦, ૧૨.૨૦, ૧.૨૦, ૨.૪૦, ૩.૪૦, ૬.૦૦, ૭.૦૦, ૮.૦૦, ૯.૨૦, ૧૦.૨૦, ૧૧.૨૦

● **છીછોરે**
૪.૪૦

● **ડ્રીમગર્લ**
૪.૩૦

● **સાવેરા નરસીમ્મા રેડ્ડી**
૯.૩૦, ૧.૦૦, ૭.૨૦, ૧૦.૫૦

## ચિરવિદાય

● સ્વ. મહેતા બાબુલાલ શંકરભાઈ, ઉ.વ. ૮૫

● સ્વ. શાહ હંસાબેન નવીનચંદ્ર, ઉ.વ. ૬૬

● સ્વ. પાક સુશીલાબેન મનુપ્રસાદ, ઉ.વ. ૬૭



ચારેકોર આદ્યશકિત મા જગદંબાની આરાધનાના પર્વ નવરાત્રીનો મહિમા છવાયો છે અને સૌ કોઈ શકિતની ઉપાસનામાં લીન થઈ રહ્યા છે. ગાંધીનગરના જુના સચિવાલય ખાતે ગુજરાત રાજય કર્મચારી મહામંડળ દ્વારા આયોજિત ત્રિદિવસીય નવરાત્રી મહોત્સવ ૨૦૧૯નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજયના માહિતી નિયામક અશોક કાલરીયાએ માતાજીની આરતી ઉતારી હતી. આ નવરાત્રી મહોત્સવમાં જુના સચિવાલયના કર્મચારીઓ-અધિકારીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.





રાજય મધ્યસ્થ ગ્રંથાલય ગાંધીનગર ખાતે તા. ૪ સપ્ટેમ્બરના રોજ નવરાત્રી પર્વને અનુલક્ષીને ૧૦૦થી વધુ વિદ્યાર્થીનીઓ દ્વારા આદ્યશકિત મા અંબાની આરતી અને પૂજા અર્ચના કરવામાં આવી હતી.

## સ્વચ્છ ભારત.. સોસાયટીથી સોશિયલ મિડિયા સુધી ગાંધીજીની સાર્ધ શતાબ્દી મહોત્સવે વકતવ્ય યોજાયું

ગાંધીનગર, તા.૪

બીજી ઓકટોબરે ગાંધી જન્મજયંતિ સંપૂર્ણ ભારતમાં ઉજવવામાં આવી હતી. આ વર્ષ એ ગાંધીજીની સાર્ધ શતાબ્દી એટલે કે ૧૫૦મી જન્મ જયંતિનું વર્ષ છે.

સાબરમતી ગાંધી આશ્રમની બરાબર સામે આશ્રમ વિનય મંદિર આવેલું છે. જે સંપૂર્ણપણે ગાંધીજીની વિચારધારાથી ચાલે છે. આ વિનય મંદિર ખાતે રોટરી કલબ અમદાવાદના નોર્થ યુનિટ દ્વારા પ્રમુખ ડૉ. દર્શન શાહ દ્વારા ગાંધી જયંતિની સંધ્યાએ એક વકતવ્ય ગોઠવવામાં આવ્યું હતું.

ગાંધીનગર સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાતને મુખ્ય મહેમાન તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા અને વિષય હતો, 'સ્વચ્છ ભારત... સોસાયટીથી સોશિયલ મિડિયા સુધી..' એમણે ગાંધીજીના પ્રસંગો અને વાર્તા દ્વારા ઉપસ્થિત ૨૫૦ આશ્રમની કન્યાઓને રાજી કરી



દીધી હતી. આશ્રમની કન્યાઓએ પ્રાર્થના અને કંકુ-તિલકથી મહેમાનોનું સ્વાગત કર્યું હતું. સંસ્થાના સંચાલક સંદીપભાઈ અને ટ્રસ્ટી અજિતભાઈએ ગાધીજીની સંસ્થા સાથેની વાતો કહી હતી.

ગાંધી આશ્રમના પડછાયામાં આવેલી આ સંસ્થા માટે રોટરી કલબ અમદાવાદ નોર્થ અવારનવાર મદદરૂપ થાય છે. આ પ્રસંગે એમણે સંસ્થાને સ્વચ્છતાના સાધનો આપ્યા હતા. આ પ્રસંગે મંત્રી હિમાંશુ પટેલ, પૂર્વ પ્રમુખ અમર પટેલ, પરાગ બ્રહ્મભટ્ટ, ડૉ. પ્રકાશ વૈષ્ણવ અને જોઈતાભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીજીની સાર્ધ શતાબ્દીની ઉજવણી ગાંધી આશ્રમની સામે જ આશ્રમ કન્યા શાળામાં અને સ્વચ્છતાની વાતો સાથે સાર્થક બની રહી હતી.





વિધાનસભા સ્ટાફ વૈધાનીક ચૂંટણી લક્ષી કામગીરી નથી કરતી ક્યારેક યોગા કાર્યક્રમ ની જેમ મનોરંજન સેલ્ફ રિફ્રેશમેંટ માટે ગરબાનું આયોજન પણ કરે છે. જેમાં નવરાત્રિ દરમિયાન સ્ટાફ મિત્રોએ ભેગા મળી ગરબાની મજા માણી હતી.



## ખેલ મહાકુંભ જિલ્લા કક્ષા એથ્લેટીકસ સ્પર્ધામાં કડી સર્વ વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ ઝળકી

ગાંધીનગર, તા.૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર.જી. પટેલ કન્યા શાળા દ્વારા અંડર-૧૭ અને અંડર-૧૪ ખેલ મહાકુંભની જિલ્લા કક્ષાની એથ્લેટીકસ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શાળાની વિદ્યાર્થીનીઓએ પ્રથમ ત્રણ નંબર મેળવ્યા છે જેમાં ગોળા ફેંકમાં પ્રથમ ક્રમે અક્ષીતા ચાવડા તૃતીય ક્રમે નિશા રાઠોડ, બરછી ફેંકમાં તૃતીય ક્રમે મહેંક પટેલ, ૪૦૦ મીટર દોડમાં દ્વિતિય ક્રમે ચાર્મી પટેલ, ૧૦૦ મી. દોડમાં દ્વીતીય ક્રમે વિનર ભાભોર, ૩૦૦ મી. દોડમાં તૃતીય ક્રમ જાનકી ચૌધરીએ મેળવ્યો હતો. જેમને કુલ રોકડ ઈનામ ૨૦૦૦૦ મળ્યા છે. જેમાંથી ચાર વિદ્યાર્થીનીઓની રાજયકક્ષાએ પસંદગી થઈ છે. આ વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન શાળાના શિક્ષક ઉર્વશીબેન જોષી તથા હાર્દિકભાઈ પટેલ દ્વારા આપવામાં આવ્યું હતું.

## ગાયત્રી મંદિરને નગરસેવકે સાઉન્ડ સીસ્ટમની ભેટ આપી

ગાંધીનગરમાં નવરાત્રીનો ઉત્સાહ ચરમસીમાએ છે અને મોટા મોટા પાર્ટી પ્લોટથી માંડીને નાના નાના મંદિરોના ચોગાન સુધી મા જગદંબાના ભક્તિ સમા ગરબા-મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ



પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૮માં સમાવિષ્ટ સેક્ટર-૧ના ગાયત્રી મંદિર ખાતે સ્થાનિક નગરસેવક પાયલબેન મેણાતે તેમની લોક-વિકાસ ગ્રાન્ટમાંથી પ્રથમ નોરતે જ લેટેસ્ટ સાઉન્ડ સીસ્ટમની ભેટ આપી લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. સાઉન્ડ સીસ્ટમમાં જાણીતા કંપનીના બે મોટા સ્પીકર્સ, બે માઈક, એમ્પ્લીફાયર સહિત સાઉન્ડ મિક્સરનો સમાવેશ થાય છે. આ સાઉન્ડ સીસ્ટમનો ઉપયોગ મંદિરમાં દરેક ધાર્મિક તથા લોકજાગૃતિના કાર્યક્રમમાં કરી શકાશે. નગરસેવક દ્વારા લોકાર્પણ પ્રસંગે મંદિરના ટ્રસ્ટી, સહાયક ટ્રસ્ટી, પૂજારી તથા વોર્ડના અગ્રણી વસંત પરમાર અને સુરેશ મેણાતે હાજરી આપી હતી.

શહેરમાં ઝુંપડપટ્ટીમાં રહેતા જરૂરિયાતમંદ વર્ગના બાળકોમાં શિક્ષણનું પ્રમાણ વધે તે હેતુથી ઈન્ડિયન




લાયન્સ સંસ્થાના સ્વર્ણિમ ગાંધીનગર યુનિટ દ્વારા 'જ્ઞાનરથ' દ્વારા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જ્ઞાનરથ અંતર્ગત સંસ્થાના સભ્યો દ્વારા સપ્ટેમ્બર માસના ચારેય રવિવારે સે-૧૩ની ઝુંપડપટ્ટીના ૬૮ બાળકોને શિક્ષણ આપવાનું કાર્ય હાથ ધર્યું હતું. આ સદકાર્યમાં ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગરના પ્રમુખ રાધેશ્યામ યાદવ, ઉપપ્રમુખ કિન્નરભાઈ શાહ, સેક્રેટરી મનીષાબેન ગોહિલ, કો-કન્વીનર ઉદયભાઈ પાંભર તથા યોગી રામદાસ આચાર્ય સહિત સભ્યો જોડાયા હતા.

## મહિલા આઈટીઆઈ ખાતે વિના મૂલ્યે તાલીમ કોર્સની શરૂઆત

ગાંધીનગર, તા.૨

મહિલા આઈટીઆઈ સે-૧૫ ગાંધીનગર ખાતે ધો-૧૦ પાસ બહેનો માટે નીચે મુજબના એક વર્ષના તાલીમી કોર્સ વિના મૂલ્યે ચાલે છે. જેમાં બેઝિક કોસ્મેટોલોજી (બ્યુટી પાર્લર), હેલ્થ સેનેટરી ઈન્સ્પેકટર, સુઈંગ ટેકનોલોજી, ફેશન ડિઝાઈન એન્ડ ટેકનોલોજી, કોપા ટ્રેડની ખાલી રહેલ/ખાલી થયેલ બેઠકો માટે હાલમાં પ્રવેશ કાર્યવાહી ચાલુ છે. આ કોર્સ ડીજીટી, ન્યુ દિલ્હી દ્વારા એન.સી.વી.ટી. એફિલેટેડ માન્યતા પ્રાપ્ત છે. જેમાં પ્રવેશ મેળવવા માટે ૯ ઓકટોબર સુધી સંસ્થા ખાતે જરુરી ડોકયુમેન્ટ સાથે રૂબરૂ ઓફલાઈન પ્રવેશ ફોર્મ ભરી જવાનું રહેશે. વધુમાં ધો-૭ પાસ બહેનો માટે જીસીવીટી કક્ષાનો ૧ વર્ષનો કોર્ષ તેમજ ધો-૫ પાસ માટે પીએમકેવીવાયના ટૂંકા ગાળાના કોર્સ ઉપલબ્ધ હોઈ ઈચ્છુક ઉમેદવારોએ સંસ્થા ખાતે રૂબરૂ સંપર્ક કરવા સંસ્થાના આચાર્ય દ્વારા જણાવાયું છે.




શુક્રવારે કલ્પતરૂ જુથના અધ્યક્ષ મુફારાજ મુનોટના જન્મદિવસ નિમિત્તે ગાંધીનગર સ્થિત કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લિમિટેડ કંપની દ્વારા રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સદકાર્યમાં કંપનીના કર્મચારીઓ સહિત સ્વયંસેવકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.





સરસ્વતિ ઈન્સ્ટિટયુટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સ ખાતે નવરાત્રી મહોત્સવ ૨૦૧૯ 'ફાર્મારમઝટ-૨૦૧૯' યોજાઈ ગયો. કૉલેજના વિદ્યાર્થીઓએ એમાં રસભેર ભાગ લીધો હતો. મહોત્સવનો પ્રારંભ સરસ્વતી માતાજીનાં દીપ પ્રાગટય થી થયો હતો. સાથે સાથે માં ભગવતીની આરતી કરીને રાસ-ગરબાનો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. આ ઉત્સવમાં કૉલેજ ના બી. ફાર્મ, એમ.ફાર્મ તથા ફાર્મ. ડી ના તમામ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ સવારના ૯:૦૦ થી ૦૧:૦૦ વાગ્યા સુધી રાસ-ગરબાનો આનંદ લીધો હતો. કૉલેજ તરફથી જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી અને કાર્યક્રમ પૂરો કરતા પહેલા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે શ્રેષ્ઠ ગરબા તથા શ્રેષ્ઠ વેશભૂષા કરનાર વિદ્યાર્થીઓને પુરસ્કાર આપવામાં આવ્યા હતા.